# ભારત-ક્રોએશિયા ફોરેન ઓફિસ કન્સલ્ટેશન્સ (FOC)

30 એપ્રિલ, 2024

ભારત અને ક્રોએશિયા દ્વારા નવી દિલ્હીમાં 30 એપ્રિલ 2024ના રોજ ફોરેન ઓફિસ કન્સલ્ટેશન્સ (FOC)નું 11માં સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) શ્રી પવન કપૂરે ભારતીય પક્ષનું નેતૃત્વ કર્યું હતું અને ક્રોએશિયન પક્ષનું નેતૃત્વ ક્રોએશિયાના વિદેશ અને યુરોપીયન બાબતોના મંત્રાલયના રાજકીય બાબતોના મહાનિર્દેશક ડૉ. પેટાર મિહાતોવ દ્વારા કરવામાં આવ્યું હતું.

2. આ સલાહવાર્તા દરમિયાન બંને પક્ષોએ વર્તમાન દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરી હતી જેમાં વેપાર અને આર્થિક, સંરક્ષણ અને દરિયાઈ, વિજ્ઞાન અને ટેકનોલોજી, નવીનતા, સંશોધન અને વિકાસ, પર્યટન, સંસ્કૃતિ, અને લોકોના પરસ્પર સંબંધો તથા લોકો વચ્ચેના સાંસ્કૃતિક આદાનપ્રદાનને મજબૂત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

3. બંને પક્ષોએ યુએન અને અન્ય બહુપક્ષીય મંચોમાં પરસ્પર સહકાર સહિત આંતરરાષ્ટ્રીય સહયોગ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું. તેમણે ભારત-EU દ્વિપક્ષીય સહકારને વધુ મજબૂત કરવા માટે વધતા સહકારની પણ સંતોષપૂર્વકનોંધ લીધી. તેઓએ વ્યાપક, સંતુલિત અને પરસ્પર ફાયદાકારક ભારત-EU FTAના વહેલા નિષ્કર્ષની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બંને પક્ષોએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

4. વાટાઘાટો મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. બંને પક્ષો પરસ્પર અનુકૂળ તારીખે ઝાગ્રેબમાં આગામી સલાહવાર્તા યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**30 એપ્રિલ, 2024**